# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


મા-૨/ચેસ/ટુર્નામેન્ટ/૨૦૨૬/ 2808

તા.27/૦૨/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ,

સુરત જિલ્લો.

**વિષય:** ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત "ઓલ ઇન્ડિયા ઓપન FIDE રેટેડ રેપિડ અંડર-૧૮ ચેસ ટુર્નામેન્ટ – ૨૦૨૬" માં વિદ્યાર્થીઓના સહભાગી થવા બાબત.

**સંદર્ભ:** ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને GUJCOST દ્વારા પ્રકાશિત બ્રોશર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રમતગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય અને ચેસ જેવી બૌદ્ધિક રમતમાં આપણા જિલ્લાના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરનું ઉત્તમ પ્લેટફોર્મ મળે તે હેતુથી એક મહત્વપૂર્ણ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી તથા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) ના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે "ઓલ ઇન્ડિયા ઓપન FIDE રેટેડ રેપિડ અંડર-૧૮ ચેસ ટુર્નામેન્ટ - ૨૦૨૬" યોજાવા જઈ રહી છે.
આ ટુર્નામેન્ટની મુખ્ય વિગતો નીચે મુજબ છે:

- **લાયકાત (વય મર્યાદા):** અંડર-૧૮ (જે વિદ્યાર્થીઓનો જન્મ ૦૧ જાન્યુઆરી, ૨૦૦૮ ના રોજ અથવા તે પછી થયો હોય તેવા તમામ વિદ્યાર્થીઓ)
- **ટુર્નામેન્ટની તારીખ:** ૨૮ માર્ચ, ૨૦૨૬ (શનિવાર)
- **સ્થળ:** વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નારણપુરા, અમદાવાદ, ગુજરાત
- **એન્ટ્રી ફી:** માત્ર ₹૨૦૦/-
- **રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ:** ૨૦ માર્ચ, ૨૦૨૬ (સાંજે ૦૫:૦૦ કલાક સુધી - પ્રવેશ 'વહેલા તે પહેલાના ધોરણે' આપવામાં આવશે)
- **કુલ ઈનામી રકમ:** ₹૪,૦૦,૦૦૦/- (૧૩૩ થી વધુ રોકડ પુરસ્કારો અને શ્રેષ્ઠ ૫ ને પ્રીમિયમ ટ્રોફી)
- **વિશેષ આકર્ષણ:** ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને 'આંતરરાષ્ટ્રીય ચેસ કિટ' ભેટમાં આપવામાં આવશે.

આથી સુરત જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને સુચિત કરવામાં આવે છે કે, આપની શાળામાં ચેસની રમતમાં રસ ધરાવતા અને યોગ્ય લાયકાત ધરાવતા વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા અને સ્પર્ધામાં ભાગ લેવા માટે નીચે આપેલ લિંક મારફતે સમયમર્યાદામાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરનાર જ ભાગ લઈ શકશે.

**ઓનલાઈન રજીસ્ટ્રેશન લિંક:** https://forms.gle/mnmTGjEEmyFXQDKA9

આપની શાળાના તેજસ્વી ખેલાડીઓ આ તકનો લાભ લે તે માટે પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

જિલ્લાશિક્ષણાધિકારી,

સુરત,જિલ્લો-સુરત.

# Children's Research University
# All India Open FIDE Rated Rapid
# Under-18 Chess Tournament -2026

(Under the aegis of All India Chess Federation & Gujarat State Chess Association)

**(01-01-2008 on & after born)**

**Organized By:**

Children's Research University
&
Gujarat Council on Science and Technology

for registration

https://forms.gle/mnmTGjEEmyFXQDKA9

AICF EVENT CODE:
468207/GJ(R)/2026

## Total Prize Money:

# ₹ 4,00,000/-

*Over 133 cash prizes will be awarded*

Time Control :
10 min.+05 sec.
No. of
Rounds : 09

Entry is free for GMs, IMs, WGMs & WIMs

**Last Date for Entry:**

**05.00 PM, 20-03-2026**

(On a first-come, first-served basis)

## Tournament Date:

**28-03-2026**
Saturday

**Entry fee:**
**₹ 200/-**

**Entry Fee to be paid through Bank Details:**

Bank Name: Canara Bank

Account Holder Name: Balbhavan Childrens Research University

Account No: 110169828588

IFSC: CNRB0007347

MICR: 3800015084

**Each participant will be gifted an International chess kit.**

## Venue :

Veer Savarkar Sports Complex Naranpura, Ahmedabad, Gujarat